રાજ્યભરમાં નવા કેસ અને મૃત્યુઆંકે નવો રેકોર્ડ રચ્યો

૨૪ કલાકમાં રાજ્યમાં ૧૩૭ના મોત : છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૩૧૦૫ નવા કેસ નોંધાયા અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૨૩ દર્દીના મોત થયા છે

રાજ્યમાં કોરોના કેસે હાહાકાર મચાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૩૧૦૫ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાને કારણે ૧૩૭ લોકોના મૃત્યુ થયા છે. તો છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને માત આપી ૫૦૧૦ લોકો સાજા થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૪ લાખ ૫૩ હજાર ૮૩૬ પર પહોંચી ગયો છે. ગુજરાતમાં કોરોનાને કારણે અત્યાર સુધી ૫૮૭૭ દર્દીઓના મૃત્યુ થયા છે. રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૭૮.૪૧ ટકાએ પહોંચી ગયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૨૩ દર્દીના મોત થયા છે. તો સુરતમાં ૨૨, રાજકોટ શહેરમાં ૧૦, વડોદરા શહેરમાં ૧૦, સુરત ગ્રામ્ય ૫, મહેસાણા ૩, જામનગર શહેર ૫. બનાસકાંઠા ૫, જામનગર ગ્રામ્ય ૪. કચ્છ ૪. વડોદરા ગ્રામ્ય ૪, પાટણ ૩, ભરૂચ ૨ અને ભાવનગર શહેરમાં બે દર્દીઓના મૃત્યુ થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૫૧૪૨ નવા કેસ સામે આવ્યા છે. તો સુરત શહેરમાં ૧૯૫૮, રાજકોટ શહેરમાં ૬૯૭, વડોદરા શહેરમાં ૫૯૮, સુરત ગ્રામ્યમાં ૫૧૮, મહેસાણા ૪૪૪, જામનગર શહેર ૩૩૬, બનાસકાંઠા ૨૩૬, જામનગર ગ્રામ્ય ૨૨૮, કચ્છ ૨૧૪, વડોદરા ગ્રામ્યમાં ૧૮૩ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૯૨ હજાર ૮૪ થઈ ગઈ છે. જેમાં ૩૭૬ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૩ લાખ ૫૫ હજાર ૯૭૫ લોકો સાજા થયા છે. કોરોનાને કારણે ૫૮૭૭ લોકોના નિધન થયા છે. રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૭૮ ટકા થઈ ગયો છે. તો રાજ્યમાં આજે વધુ ૧ લાખ ૪૨ હજાર ૫૩૭ લોકોને કોરોના વેક્સિન આપવામાં આવી છે.

કોરોના કોર્નર

- વિશ્વમાં ગઈકાલે એક જ દિવસમાં ૮ લાખ ૮૦ હજાર ૯૭૭ કેસ કોરોનાના નોંધાયા છે જે એક નવો રેકોર્ડ છે.
- બુધવારે વિશ્વમાં કોરોનાને કારણે ૧૪,૦૮૮ લોકોના મોત થયા હતા. બ્રાઝિલમાં ૩૧૫૭, ભારતમાં ૨૧૦૨, અમેરિકામાં ૮૭૬, પોલેન્ડમાં ૭૪૦ અને મેક્સિકોમાં ૫૮૨ લોકોના મોત થયા હતા.
- વિશ્વમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૧૪ કરોડ ૪૪ લાખથી વધુ લોકો મહામારીની ઝપેટમાં આવી ચુક્યા છે.
- ટ્રિપલ મ્યુટન્ટ વેરિયન્ટ મહારાષ્ટ્ર, દિલ્હી અને પં. બંગાળમાં જોવા મળ્યો હોવાનો અહેવાલ છે.
- દેશમાં પ્રથમ વખત એક જ દિવસમાં વિક્રમી ૩ લાખ ૧૫ હજાર, ૫૫૨ કેસ કોરનાના નોંધાયા છે. અત્યાર સુધીમાં ૮મી જાન્યુઆરીએ અમેરીકામાં ૩ લાખ, ૭ હજાર લોકો પોઝીટીવ મળી આવ્યા હતા.
- કોરોના વેક્સીનના ત્રણ અલગ અલગ ભાવ નિયત કરવાને લઈ રાજકીય વિવાદ વકર્યો છે.
- સુપ્રિમ કોર્ટે આજે વધતા જતા સંક્રમણમાંથી લોકોને ઉગારવાની રણનીતિને લઈ કેન્દ્ર સરકારને નોટીસ પાઠવી છે.
- આજે ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પણ ઓક્સીજનની માગં, પુરવઠો તેમજ ઉભી થયેલી પરિસ્થિતિને લઈ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.
- ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને રાજ્યસભા સાંસદ રાજીવ સાતવ કોરોનાથી સંક્રમિત થયા છે.
- ગુજરાતમાં કોરોના સારવાર માટે ફેવી પિરાવીર અને આઈવર મેક્ટિન આ બે દવા પ્રોટોકોલમાં સામેલ દેશમાં.
- કોરોના મેનેજમેન્ટમાં વાયુસેના એક્શનમાં, ઓક્સીજન અને દવાઓનો જથ્થો પહોંચાડવાની કામગીરી શરૂકરી.

રેકોર્ડ બ્રેક : ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાથી ૫૭૦૦ લોકો સંક્રમિત, ૧૨ નાં મોત

મોતનો આંકડો છૂપાવવાનો ખેલ, સરકારી-ખાનગી કોવિડ હોસ્પિટલમાં અનેક દર્દીઓ સારવાર માટે વેઈટીંગમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોનાનું વાવાઝોડું ફુંકાતાં રેકોર્ડબ્રેક ૫૭૭૩ લોકો કોરોનાથી સંક્રમિત થયાનો આંકડો રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કર્યો છે. મોતના આંકડા વિભાગ છૂપાવતું હોવાના આરોપ પછી પાછલા ૨૪ કલાકમાં સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠામાં ૩-૩ અને પાટણ-૨, અરવલ્લીમાં ૧ દર્દીનું મોત નિપજ્યાનો આંકડો જાહેર કર્યો છે જે મોતના આંકડા છૂપાવવાના ખેલસમો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

કોરોનાનો ક્રૂરપંજો ફરી વળ્યો છે. હવે તો સ્થિતિ એ છે કે સગાઓ પણ પોતાના કોઈ સગાને કોરોનાનું સંક્રમણ થયું હોય તો માત્ર ફોન દ્વારા ખબર અંતર પૂછે છે અને ફોન મૂકી દે છે. લાંબો સમય ફોન ઉપર વાત કરીએ તો ટીફીન સહિતની સેવાઓ આપવી પડશે તેવો ડર પણ ગણાને સતાવતો હોય છે. કોરોનાએ માનવીને માનવીની લાગણીઓથી અલગ કરી દીધો છે. દરરોજ કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે જેમાં મોટાભાગે લાપરવાહ પ્રજા વધુ જવાબદાર છે અને ત્યાર પછી વહીવટી તંત્રની બેદરકારી પણ નજર અંદાજ ન કરી શકાય. ઉત્તર ગુજરાતના મહેસાણામાં વિસ્ફોટક સ્થિતિ પછી લૉકડાઉન જાહેર થયું છે. આવી જ સ્થિતિ અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉભી થયા પછી સ્થાનિક વેપારીઓએ સ્વયંભૂ અને આંશિક લૉકડાઉનનો સહારો લઈ કોરોનાને મ્હાત કરવા માટે પ્રયાસો કર્યા પરંતુ હવે લાગે છે કે ઘણું મોંડુ થઈ ગયું છે અનેક કોરોના સંક્રમિત વિસ્તારોમાં ટપોટપ કોરોનાગ્રસ્ત દર્દીઓના મોત નિપજયા છે એથીય દુઃખની વાત તો એ છે કે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં અનેક દર્દીઓ માટે બેડ નથી. જેથી વેઈટીંગમાં ૨-૪ દિવસથી ચાલી રહ્યા છે. સમયસર સારવાર ન મળી, ઓક્સિજનની ઉણપ અને દવાઓની અછતના કારણે એક પછી એક દર્દીઓ મોતને ભેટે છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોનાના કારણે ૫૭૦૦ થી વધુ લોકો સંક્રમિત થયા છે જે આંકડો આવનારા દિવસો માટે વધુ ભયાવહ કહી શકાય.

૨૪ કલાકમાં સંક્રમિત લોકો..

જિલ્લો	સંક્રમિત સંખ્યા
મહેસાણા	૨૮૨૨
પાટણ	૧૧૨૧
બનાસકાંઠા	૭૯૩
સાબરકાંઠા	૬૬૬
અરવલ્લી	૩૭૧

મોબાઇલમાં quick support નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી

બેંકના ખાતામાંથી રૂ.૫,૬૯,૦૦૦/-ની છેતરપિંડી આચરનાર ગઠીયા વિરૂદ્ધ ફરિયાદ

બીએસએનએલ વિભાગમાં ફરજ બજાવતા હોવાની ખોટી ઓળખ આપી કેવાયસી અપડેટ કરવાના બહાને ઠગાઈ આચરી

હિંમતનગર તા.૨૨

હિંમતનગરના સહકારી જીન રોડ ઉપર નિકુંજ બંગ્લોઝમાં રહેતા અને સાબર ડેરીમાં ફરજ બજાવી ચૂકેલા શિક્ષિત ૬૩ વર્ષીય નિવૃત આધેડને ગતરોજ ૧૬ એપ્રિલ ૨૦૨૧ ના રોજ કોઈ અજાણ્યા ગઠિયાએ બીએસએનએલ વિભાગમાં ફરજ બજાવતા હોવાની ખોટી ઓળખ આપીને મોબાઇલમાંૂ્ઠા જેૅિ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી કેવાયસી અપડેટ કરવાના બહાને પ્રથમ ૧૦-૧૦ રૂપિયાનું રીચાર્જ કરાવ્યા બાદ એસબીઆઈ તથા એચડીએફસી બેંકના એકાઉન્ટ માંથી રૂપિયા ૫,૯૩,૫૪૦/- ઉપાડી લીધા બાદ કુલ રકમ પૈકી ૨૪,૫૪૦/- પરત આપી બાકી રહેતા ૫,૬૯,૦૦૦/- પરત નહિ કરી છેતરપિંડી આચરતાં હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

હિંમતનગર તાલુકાના પુરાલ ગામના વતની અને સહકારીજીન રોડ ઉપર નિકુંજ બંગ્લોઝમાં રહેતા કનુભાઈ મણિલાલ પટેલના મોબાઈલ નંબર ઉપર ગતરોજ ૧૬ એપ્રિલ ૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૩૩૯૪૯૩૭૬૦ ઉપરથી કોઈ અજાણ્યા ગઠિયાએ પોતે બીએસએનએલ વિભાગમાં ફરજ બજાવતા હોવાની ઓળખ આપી કનુભાઈ પટેલ નો વિશ્વાસ સંપાદન કરી મોબાઈલમાંૂ્ઠા જેૅિ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી વિવિધ પ્રકારની વિગતો ભરાવી કનુભાઈ પટેલના એસબીઆઈ એકાઉન્ટ નંબર ૨૦૧૦૫૪૫૨૮૩૬ તથા એચડીએફસી બેંક નંબર ૪૦૫૧૦૦૦૦૨૮૨૪૭ ના ખાતામાંથી કેવાયસી અપડેટ કરાવવાના બહાને પ્રથમ ૧૦ - ૧૦/- રૂપિયા નું રીચાર્જ કરાવ્યા બાદ બંને એકાઉન્ટમાંથી રૂપિયા ૫,૯૩,૫૪૦/- ઉપાડી લીધા બાદ કુલ રકમ પૈકી ૨૪,૫૪૦/- પરત આપી બાકી રહેતા ૫,૬૯,૦૦૦/- પરત નહિ કરતા કનુભાઈ પટેલને છેતરપીંડી નો અહેસાસ થતા તેઓ નજીકની બેંકમાં દોડી ગયા હતા અને બેંકમાંથી સ્ટેટમેન્ટ કઢાવતા પોતાના બંને એકાઉન્ટમાંથી ગઠિયાએ રૂપિયા સેરવી લીધા હોવાનું જાણવા મળતાં હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે છેતરપિંડી આચરનાર ગઠીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૦૬ , ૪૨૦ તથા આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાંથાવાડામાં ત્રણ દિવસમાં ૧૧ના મોત

રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. દરેક શહેરની હોસ્પિટલથી લઈ સ્મશાન ગૃહના કરૂણ દ્રશ્ય સામે આવી રહ્યા છે. ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં પણ હવે શહેર જેવી જ ભયાવહ પરિસ્થિતિ નિર્માણ પામી રહી છે. વાત કરીએ બનાસકાંઠા જીલ્લાના સરહદી તાલુકા દાંતીવાડાના પાંથાવાડા ગામની કે જ્યાં છેલ્લા ૩ દિવસમાં ૧૧ મોત થતાં સ્મશાન ગૃહની સગડી રાખથી ઉભરાઈ રહી છે અને લાકડા એડવાન્સમાં રાખવાની નોબત આવી છે મોતની વણથંભી વણઝાર વચ્ચે આજે પણ વધુ બે લોકોના કોરોનાથી મોત થતાં પંથકમાં ભયનો માહોલ છવાયો છે.

જન્મદિને વધામણી

ટીંગલી શૈલેષકુમાર પટેલ
રામપુરાકંપા, તા. તલોદ

આફરીન મહંમદસાકીર ચૌહાણ
મોડાસા

કાવ્ય મેહૂલભાઈ સોની
બાયડ

ભાવેશભાઈ મગનભાઈ પટેલ
(શિક્ષક : બળીયાદેવ પ્રા.શાળા)
બાયડ

અતુલભાઈ અમૃતભાઈ ચૌહાણ
(ઘનશ્યામ ફુટવેર, બાયડ)

બકુલચંદ્ર પંડ્યા
(સી. આર. ભગત
હાઈસ્કુલ, હરસોલ)
ધનસુરા

ઉત્તર ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં યોજાનારી એકમ કસોટી મોકુફ રાખવા આદેશ

ધો.૩ થી ૮ ના ૪.૭૫ લાખ વિદ્યાર્થીઓ માટે ૨૭-૨૮ એપ્રિલે યોજાવવાની હતી કસોટી

સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૩ થી ૮ માં આગામી તા.૨૭-૨૮ એપ્રિલે યોજાનારી એકમ કસોટી કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે મુલત્વી રાખવાનો જી.સી.ઈ. આર. ટી. ગાંધીનગરના સચિવ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે અને આ અંગે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા ડી.પી.ઓ.ને જાણ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે. ધો.૧ થી ૯માં માસ પ્રમોશન આપવાનો સરકારે અગાઉથી નિર્ણય કર્યો છે ત્યારે કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં સરકારી કચેરીઓમાં રોટેશન પ્રમાણે ૫૦ ટકા સ્ટાફ કામગીરી માટે આવે છે. સરકારી શાળાઓમાં પણ આવી જ સ્થિતિ છે. જિલ્લામાં તો કોરોનાના કારણે પ્રા. શિક્ષકે જીવ ગુમાવ્યો છે છતાં પણ તંત્રને એકમ કસોટીનું વળગણ હજુ સુધી દૂર થયું નથી. માસ પ્રમોશનનો નિર્ણય લીધા પછી એકમ કસોટીના આયોજન અને પેપર છાપવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવાનો કોઈ મતલબ નથી તે તંત્રએ અગાઉથી જ વિચારવાનું હતું જો કે હવે મોંડે..મોંડે પણ જી.સી.ઈ.આર.ટી. દ્વારા ૨૭-૨૮ એપ્રિલે યોજાનારી એકમ કસોટી મોકુફ રાખવા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને પરીપત્રથી જાણકારી આપવામાં આવી છે.

ધો.૧ થી ૮ માં માસ પ્રમોશનનો પરીપત્ર જાહેર કરાયો, ધો.૬ થી ૮માં ૭૦૦ ગુણનું મૂલ્યાંકન

સરકારી પ્રાથમિક શાળાઓમાં તેમજ ખાનગી પ્રા.શાળાઓમાં ૧ થી ૮ માં માસ પ્રમોશનનો નિર્ણય સરકારે જાહેર કરી દીધો છે. ત્યારે તા.૨૨ એપ્રિલના રોજ જી.સી.ઈ.આર.ટી. દ્વારા ધો.૧ થી ૮માં માસ પ્રમોશન માટેનો પરીપત્ર તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલવામાં આવ્યો છે. ધો.૧ અને ૨ માં વિદ્યાર્થીઓના પરિણામ પત્રકમાં વિદ્યાર્થીઓના નામ સામે વર્ગ બઢતી દર્શાવવું પડશે. જ્યારે ધો.૩ થી ૮માં મુખ્યત્વે શિક્ષક દ્વારા થતા રચનાત્મક મૂલ્યાંકન આધારીત પરિણામપત્રક તૈયાર કરવું પડશે આ માટે હોમ લર્નિંગ અંતર્ગત શિક્ષક દ્વારા થયેલ અનૌપચારીક મૂલ્યાંકન તેમજ વર્ષ દરમ્યાન યોજાયેલી એકમ કસોટીના આધાર લઈ શકાશે.

ધો.૩ થી ૮ માં સત્રવાર રચનાત્મક મૂલ્યાંકનમાં વિગત દર્શાવી દરેક વિદ્યાર્થીઓનું ૪૦ + ૪૦ એમ ૮૦ ગુણનું મૂલ્યાંકન થશે. ઉપરાંત વર્ષ દરમ્યાન હોમલર્નિંગ અંતર્ગત વિદ્યાર્થીઓની સહભાગીતાને ધ્યાનમાં લઈ વર્ષના અંતે ૨૦ ગુણ પૈકીનું ગુણાંકન કરવું આમ દરેક વિદ્યાર્થીને ૧૦૦ ગુણનું ગુણાંકન થશે. ધો.૩ થી ૮ માં પત્રક ભરવાનું નથી. ધો.૪ માં હિન્દી અને અંગ્રેજી વિષયમાં માત્ર દ્વિતીય સત્રમાં રચનાત્મક મૂલ્યાંકનના ૪૦ ગુણ અને વિદ્યાર્થીની સહભાગીતાના ૨૦ ગુણ મળીને વિષય દીઠ ૬૦ ગુણમાંથી ગુણાંકન કરવાનું રહેશે. ધો.૩ થી ૭ના વિદ્યાર્થીના પ્રગતિપત્રકમાં ગ્રેડ દર્શાવવાના રહેશે. ધો.૮ ના પ્રગતિપત્રકમાં ગુણ અને ગ્રેડ બંન્ને દર્શાવવા પડશે. ધો.૩ થી ૮ ના કોઈ વિદ્યાર્થી શિક્ષણ પ્રક્રીયા કે મૂલ્યાંકનમાં ન જોડાયા હોય તો તે વિદ્યાર્થીની માર્કશીટમાં વર્ગ બઢતી એવું દર્શાવવું પડશે. માસ પ્રમોશનના પરીપત્રમાં જણાવ્યા અનુસાર ધો.૩ માં ૩૦૦, ધો.૪માં ૪૨૦, ધો.૫માં ૫૦૦ તેમજ ધો.૬ થી ૮ માં ૭૦૦-૭૦૦ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

કોરોના કાળ : અમરાપુરમાં લગ્ન પ્રસંગમાં ભીડ એકઠી થતાં પોલીસ ત્રાટકી

૧૭ સામે ગુનો નોંધાયો, વરરાજા, પિતા, ઘોડા માલિક સહિત ઓર્ડર મેળવનારા પણ સકંજામાં

બાયડ / હિંમતનગર તા.૨૨

કોરોનાની સ્થિતિ વિકટ બનતાં સરકાર દ્વારા સારા અને ખરાબ

પ્રસંગમાં ૫૦ થી વધુ લોકોના એકત્ર થવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. પ્રાંતિજ તાલુકાના અમરાપુરમાં યોજાયેલા લગ્ન પ્રસંગમાં કોરોનાનું સંક્રમણ ફેલાય તે રીતે ભીડ એકત્ર થતાં કોઈએ કરેલી ફરિયાદ પછી પ્રાંતિજ પોલીસ એક્શનમાં આવી લગ્નના ગીતો ગવાતાં હતાં ત્યારે પોલીસ ત્રાટકી અને ૧૭ જણ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધવાની સામે લગ્નના અવસરને દમદાર બનાવવા માટે ડી.જે. સહિતનો સામાન ઉપાડી ગઈ છે. વરરાજા જે ઘોડા ઉપર બેસીને વરઘોડે ચઢ્યા હતા તે ઘોડા માલિક, ફોટોગ્રાફી કરનારા કર્મચારીઓ, વરરાજા અને તેના પિતા પણ પોલીસના સકંજામાં આવી ગયા છે.

કોરોનાની ગતિ બેલગામ બન્યા પછી ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે. મૃત્યુ દર ઉંચકાયો છે પરંતુ લગ્નસરાની સીઝન ખુલતાં આવા પરિવારમાં ખુશાલી હોય તે સ્વાભાવિક છે પરંતુ વૈશ્વિક મહામારીમાં સરકારના નિયમોનું પાલન કરવું પણ જરૂરી છે. પ્રાંતિજમાં એક પરિવારના ત્યાં દિકરાનું લગ્ન હતું. વાજતે ગાજતે સબંધીઓ અને મિત્રોને તેડાવ્યા, ગામમાં ડી.જે.ના તાલે વરઘોડો નિકળ્યો, સૌ વરરાજા ઘોડે બેઠા પછી ગામના ચોકમાં જઈને ડી.જે.ના તાલે ફિલ્મી ગીતો અને ગરબાની રમઝટ બોલાવતા હતા તે સમયે પોલીસ ત્રાટકી કોરોનાના કપરા કાળમાં ૫૦ થી વધુ વ્યક્તિઓના ભેગા થવા ઉપર પ્રતિબંધ છે જેથી વરઘોડો અને ડી.જે. અધવચ્ચે જ અટકાવ્યો ત્યારબાદ પોલીસ કાર્યવાહી કરવામાં આવી જેમાં ૧૭ જણ સામે વગર મંજૂરીએ લગ્ન અને વરઘોડો કાઢવા બદલ કાર્યવાહી થઈ છે. જો કે વાયરલ થયેલા વિડીયોમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયેલા જોવા મળ્યા પરંતુ પોલીસે બે આંખોની શરમ ભરી હોય તેવું દેખાઈ રહ્યું છે.

કોની સામે ફરિયાદ.. સુરજસિંહ નારસિંહ ઝાલા(આયોજક), રૂગ્વેન્દ્રસિંહ સુભાષસિંહ રાજ, રહે.લાલપુર(ડી.જે. માલિક), વદનસિંહ વક્તુસિંહ ઝાલા, હરસોલ(વિડીયોગ્રાફર), સુનિલસિંહ વિજયસિંહ ઝાલા, રહે.ખારીઅમરાપુર(વરરાજા), અભયસિંહ બાબુસિંહ ઝાલા, રહે.ધોળાકૂવા, માણસા, દીનુસિંહ નાથુસિંહ ઝાલા, રામસિંહ કેસરીસિંહ ઝાલા, મહેન્દ્રસિંહ હઠીસિંહ ઝાલા, ખુસિંહ નાથુસિંહ ઝાલા, મહોબતસિંહ નાથુસિંહ ઝાલા, રંગુસિંહ નાથુસિંહ ઝાલા, બળવંતસિંહ કોદરસિંહ ઝાલા, કનુસિંહ પુંજસિંહ ઝાલા, કિરીટસિંહ વિરસિંહ રાઠોડ, વિનુસિંહ પુંજસિંહ ઝાલા,(તમામ રહે.ખારીઅમરાપુર, તા.પ્રાંતિજ), વિરેન્દ્રસિંહ મોતીસિંહ ચૌહાણ, રહે.નવાસંગપુરના છાપરા.

ચૈત્રી નવરાત્રી દરમિયાન ૯૪ લાખ ભાવિક ભક્તોએ અંબાજી માતાના ઘરે બેઠા દર્શન કર્યા

કોરોનાની મહામારી અંબાજી ખાતે માં અંબે ના દ્વાર બંધ છે ત્યારે વિશ્વભરમાં વસતા માઈભકતો મા અંબેના દર્શનથી વંચિત રહી ન જાય તે માટે ઓનલાઈન દર્શનની સુવિધા ઉભી કરવામાં આવી હતી. જેમાં નવરાત્રી દરમિયાન ૯૪ લાખ લાખ ભક્તોએ અંબાજી માતાના લાઈવ પ્રસારણ ના માધ્યમથી દર્શનનો લાભ લીધો હતો. ચૈત્રી નવરાત્રી માં જય જલીયાણ સેવા કેમ્પ દ્વારા ઘરે બેઠા દર્શન ની સેવા પૂરી પાડવામાં આવી હતી. માઈભકતો ઘરે બેઠા ડિજિટલ દર્શન કરી ધંનત્યા અનુભવી હતીજેનુ જીવંન પ્રસારણની સેવા જય જલીયાણ સેવા કેમ્પ દ્વારા કરવામા આવ્યું હતું. અંબાજી થી ઓનલાઈન દર્શનની સુવિધા કરાઈ છે માઈ ભક્તો ઓન લાઈન દર્શન મંદિર ની વેબસાઈટ ફેસબુક પેજ ઈન્સ્ટાગ્રામ તેમજજય જલીયાણ સેવા કેમ્પ ની યૂ ટ્યૂબ ચેનલ ફેસબુક પેજ પર માં અંબે ના દર્શનનુ લાઈવ પ્રસારણ કરવામાં આવી હતું તેમ સેવાભાવી હિતેશ ઠક્કરે જણાવ્યું હતુ. ચૈત્રી નવરાત્રી દરમિયાન ૯૪,૨૮,૦૦૦ ભકતો એ અંબાજી માતાના લાઈવ પ્રસારણ માધયમ થકી દર્શન નો લાભ લીધો હતો.મંદિર ફેસબુક પેજ પર ૮૭,૭૪,૦૦૦ મંદિર ટ્યૂબ ચેનલ પર ૫,૩૭,૦૦૦ જય જલિયાણ ફેસબુક પેજ પર ૬૦૦૦૦ અને યુ ટ્યૂબ ચેનલ પર ૫૭૦૦૦ ભક્તો એ લાઈવ દર્શન નો લાભ લીધો હતો.અત્રે નોંધનીય છે કે ચૈત્રી નવરાત્રી દરમ્યાન વિશ્વભરમાં વસતા મા શક્તિના ઉપાસકો દ્વારા માતાજીની ઉપાસના અને અનુષ્ઠાન કરવામાં આવે છે જેથી માઈભકતો દર્શનથી વંચિત ન રહી જાય તે માટે ટ્રસ્ટ દ્વારા આવકારદાયી નિર્ણય લેવામાં આવ્યો હતો.દરરોજ લાખો માઈભક્તો ઘરે બેઠા ઓનલાઈન દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

અરવલ્લીની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પગાર ગ્રાન્ટ રીલીઝ, શિક્ષકો મલકાયા

આવતા મહિનાના પગાર ગ્રાન્ટ પણ એડવાન્સમાં આપી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

અરવલ્લીની સરકારી પ્રા.શાળાઓના શિક્ષકોનો તા.૨૧ એપ્રિલ સુધી માર્ચ મહિનાનો પગાર થયો ન હતો જેના કારણે પ્રા.શિક્ષકોના લોનના ચેક બાઉન્સ થવાની સાથે કોરોના કાળમાં શિક્ષક પરિવારો આર્થિક સંકળામણ અનુભવતા હોવાના એકમાત્ર અહેવાલ ગાંધીનગર સમાચારમાં ગુરૂવાર સવારે પ્રસિદ્ધ થતાંની સાથે બપોર સુધીમાં તાલુકાના પ્રા.શિક્ષકોની કરોડો રૂપિયાની ગ્રાન્ટનો ડ્રાફ્ટ તૈયાર કરી ટી.પી.ઓ.ને આપી દેવામાં આવ્યો છે. જ્યારે આવતા મહિનાના પગારની ગ્રાન્ટ પણ અત્યારથી રીલીઝ કરાતાં એપ્રિલ મહિનાનો પગાર પ્રા.શિક્ષકોને તા.૭ મે. પહેલાં મળી જશે તેમ પણ જાણવા મળ્યું છે.

અરવલ્લી જિલ્લામાં અનેક વિભાગોમાં વહીવટ ખાડે ગયો છે અને અખબાર તેની સકારાત્મક ભૂમિકા અદા કરી તંત્રની જ્યાં ભૂલ હોય ત્યાં ધ્યાન દોરે છે અને સારી કામગીરી હોય ત્યાં પીઠ થબથબાવતું હોય છે. અરવલ્લી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નબળી કામગીરીથી શિક્ષણ શાખામાં અનેક અનિયમિતતાઓ સામે આવી છે. વારંવાર પ્રા.શિક્ષકોના પગાર માંડા કરવા માટે ટેવાયેલા અધિકારીઓ સામે કોઈ હરફ ઉચ્ચારતું નથી અને પ્રા.શિક્ષકો પગાર અનિયમિત બાબતે પૃચ્છા કરાવે તો ઉદ્ધત જવાબ મળતા હતા. વારંવાર અનિયમિત પગારથી અનેક પ્રા.શિક્ષકોના લોનના ચેક બાઉન્સ થવા અને વ્યાજનું ભારણ વધતું હતું ત્યારે અખબારના અહેવાલ પછી તંત્ર એકાએક કોરોનામાં એક્શનમાં આવ્યું. ટી.પી.ઓ.ને તાબડતોબ મોડાસા બોલાવવામાં આવ્યા અને પગાર ગ્રાન્ટના ડ્રાફ્ટ આપી દેવામાં આવ્યા છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ દ્વારા વારંવાર એક જ સ્થળે ચીટકી રહેતા ટી.પી.ઓ.ની સામૂહીક બદલી કરીને તાલુકા કક્ષાએ ખાડે ગયેલી શિક્ષણ વ્યવસ્થામાં સુધાર લાવે તેવી અનેક પ્રા.શિક્ષકોએ ઈચ્છા વ્યક્ત કરી છે.